વર્ષ:૨૦૧૫-૧૬ નવી બાબત..

ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમનું મહેકમ મંજૂર કરવા અંગેની રૂ.૧૨.૦૦ લાખની વહીવટી મંજૂરી અંગે...

એક હિસાબી અધિકારી (વર્ગ-૨) અને એક મદદનીશ પ્રોજેક્ટ મેનેજર (વર્ગ-૩) એમ કુલ બે જગ્યાઓ નવી મંજુર કરવા બાબત

ગ્રેડ પે માં સુધારો

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંકઃ- અપબ/૧૩૨૦૧૪/૯૩૮૦૮૨/જ,

સચિવાલય, ગાંધીનગર.

તાઃ- ૧૫ / ૯ / ૨૦૧૫.

વંચાણમાં લીધા:-

(૧)આ વિભાગનો સરખાં ક્રમાંકનો તા:૧૬/૦૬/૨૦૧૫ નો ઠરાવ

(૨). ગુજ.અનુ.જાતિ અતિ પછાત વિ.નિગમનો તા. ૧૯/૮/૧૫નો પત્ર ક્ર.ગુઅપવિનિ/૧૫/૯૧૬ થી ૯૧૭

આ વિભાગનાં સરખાં ક્રમાંકનાં ક્રમ-૧ પરનાં તા.૧૬/૬/૧૫નાં ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની વડી કચેરીમાં હિસાબી અધિકારીશ્રી(વર્ગ-૨), પગાર ધોરણ:-૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૬૦૦) ની એક જગ્યા ડી.એ.ટી. માંથી પ્રતિનિયુક્તિથી ભરવા તેમજ યોજનાકીય કામગીરી માટે મદદનીશ પ્રોજેકટ મેનેજર (વર્ગ-૩), પગાર ધોરણ:-૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦) ની એક પુરા પગારની જગ્યા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાંથી પ્રતિનિયુક્તિથી ભરવા, એમ કુલ બે જગ્યાઓ નવી ઉભી કરવા અંગે વર્ષ:૨૦૧૫-૨૦૧૬ માં રૂ! ૧૨.૦૦ લાખની નવી બાબતને શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

ગુજ અનુ જાતિ અતિ પછાત વિનિનાં ક્રમ-૨નાં તા.૧૯/૮/૧૫નાં પત્રથી મદદનીશ પ્રોજેકટ મેનેજર (વર્ગ-૩), પગાર ધોરણ:-૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૨૦૦) ની એક જગ્યાનું પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પેરૂ.-૪૨૦૦ને બદલે રૂ.ગ્રેડ પે રૂ.૪૪૦૦/- નો સુધારો કરવા માટે દરખાસ્ત કરેલ છે.

ઉપર્યુકત વિગતે મદદનીશ પ્રોજેકટ મેનેજર વર્ગ-૩ની જગ્યાનું પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે રૂ.૪૨૦૦/- ને બદલે પગાર ધોરણ રૂ. ૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૪૪૦૦ એમ સુધારીને વાંચવું.

આ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૯/૯/૨૦૧૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.આર.મહેતા)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઈટ પર સદર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.